RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
Volume : 18
Issue : 122
Dt.: 11-01-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું મોટું નિવેદન

# બાંગ્લાદેશની ઘટના પર બધા મૌન છે, હિન્દુઓના ભાગલા વિનાશનું કારણ બનશે

## પ્રયાગરાજમાં સીએમ યોગીએ કહ્યું કે, આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે, જેમાં લઘુમતીઓ તેનો શિકાર બની રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં ૭ જેટલા હિન્દુઓનો ભોગ લેવાયો છે. ત્યારે હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વિપક્ષ પર મોટા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં જગદગુરૂ રામાનંદાચાર્યની ૭૨૬મી જયંતિ સમારોહને સંબોધિત કરતા સીએમ યોગીએ કહ્યું કે, આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે ચેતવણી ભર્યા અંદાજમાં કહ્યું કે, આ ભાગલા એ રીતે વિનાશનું કારણ બનશે, જે આજે બાંગ્લાદેશમાં જોવા મળી રહ્યા છે. યોગીએ કહ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કંઈ થઈ રહ્યું છે, તેના પર કહેવાતા સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચલનારા લોકો મૌન છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, એવું લાગે છે કે જાણે કોઈ તેમના મોં પર ફેવિકોલ ચીપકાવી દીધી હોય કે ટેપ ચીપકાવી દીધી હોય. બાંગ્લાદેશની ઘટનાઓને લઈને ન તો કોઈ કેન્ડલ માર્ચ નિકળી રહી છે, ન તો કોઈ અવાજ ઉઠાવાઈ રહ્યા છે. આ સ્થિતિ આપણા સૌ માટે એક મોટી ચેતવણી છે. પ્રયાગરાજમાં સનાતન ધર્મ અને સમાજની એકતાને લઈને સીએમ યોગીએ કહ્યું કે, ગત પાંચ-છ દિવસોમાં માઘ મેળામાં ૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે, એ સ્પષ્ટ સંકેત છે કે સનાતન આસ્થા આજે પણ સંપૂર્ણ રીતે જીવંત અને પ્રબળ છે. મુખ્યમંત્રીએ તેને સમાજની સામૂહિક આસ્થા અને વિશ્વાસની અનોખી શક્તિ ગણાવી.



યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, સનાતન આસ્થાને વધુ મજબૂત કરવા માટે ડબલ એન્જિનની સરકાર સતત જનતાની સાથે છે. સમાજની જવાબદારી બને છે કે હિન્દુઓને તોડવા અને ભાગલા પાડનારા લોકોને કોઈપણ સંજોગોમાં ઉદભવવા ન દે. સમાજમાં એકતાને નબળી પાડનારા કોઈપણ પ્રયાસને રોકવા જોઈએ અને આગળ ન વધવા દેવા જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું કે, જો સમાજ એકજુટ થઈને દઢ સંકલ્પ સાથે આગળ વધે છે તો આવનારો સમય સનાતન ધર્મનો હશે. જે પ્રકારે ભવ્યતા અને દિવ્યતા સાથે સનાતન ધ્વજ (અયોધ્યામાં) ફરકાવાઈ રહ્યો છે, તે રીતે આખા વિશ્વમાં સનાતન ધર્મની ઓળખ સ્વાભાવિક રીતે સ્થાપિત થશે. જ્યારે સનાતનની શક્તિ અને સમાજની એકતા વિશ્વ સમક્ષ આવશે, તો કોઈપણ જગ્યાએ હિન્દુ સમાજ, ખાસ કરીને નબળા અને દલિત વર્ગના લોકો વિરુદ્ધ હિંસાનું દુસ્સાહસ નહીં થાય. મુખ્યમંત્રીએ ભાર આપતા કહ્યું કે, સનાતન ધર્મની મજબૂતી માત્ર આસ્થાથી નથી, પરંતુ સમાજની એકતા, સજાગતા અને સામૂહિક સંકલ્પથી સંભવ છે. એકજૂટ રહીને સનાતન મૂલ્યોની રક્ષા અને તેના વિસ્તાર માટે સતત પ્રયાસ કરો. સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચાલનારા લોકો હિન્દુ સમાજ અને સનાતન ધર્મને નબળો પાડવામાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દે છે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર પર તેના મોં બંધ છે, લાગે છે કોઈએ ફેવિકોલ ચીપકાવી દીધો છે.

### ગણતંત્ર દિવસ પહેલા પાકિસ્તાનનું મોટું કાવતરું નિષ્ફળ!

# BSFએ જમ્મુમાં ડ્રોનથી મોકલાયેલા હથિયારો ઝડપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

ગણતંત્ર દિવસ પહેલા જમ્મુમાં હિંસા ફેલાવવાના રિપોર્ટ્સ વચ્ચે સુરક્ષા દળોએ શનિવારે (૧૦ જાન્યુઆરી, ૨૦૨૬) જમ્મુના સાંબા જિલ્લામાં ઈન્ટરનેશનલ બોર્ડર પાસે એક ફોરવર્ડ વિસ્તારમાંથી હથિયારોનો જથ્થો ઝડપ્યો છે. આશંકા છે કે, હથિયારોનો આ જથ્થો પાકિસ્તાની ડ્રોન દ્વારા અહીં ફેંકવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, પાકિસ્તાનને અડીને આવેલી આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે BSFને હથિયારોનો જથ્થો મળ્યો હતો. જેમાં બે પિસ્તોલ, ત્રણ મેગઝીન, ૧૬ રાઉન્ડ અને એક ગ્રેનેડનો સમાવેશ થાય છે. આતંકવાદીઓ દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે કોઈ કાર્યક્રમને નિષ્ફળ કરવાના પ્રયાસની શંકાને ધ્યાનમાં રાખીને વધારવામાં આવેલી સુરક્ષા દરમિયાન આ જથ્થો મળી આવ્યો હતો. બોર્ડર નજીકના વિસ્તારમાં એક ડ્રોનની શંકાસ્પદ હરકતની જાણકારી મળતાં BSF અને જમ્મુ-કાશ્મીર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ શુક્રવારની મોડી રાત સુધી ધગવાલના પાલૂરા ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન એક નાળાના કિનારે એક પેકેટ મળી આવ્યું હતું. સુરક્ષા ટીમે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની મદદથી પેકેટને ખોલ્યું તો તેમાંથી હથિયાર મળી આવ્યા હતા.

આ દરમિયાન ઉત્તર ભારત તરફથી જમ્મુમાં પણ ઠંડીને કહેર જોવા મળી રહ્યો છે. જેનો ફાયદો ઉઠાવીને પાકિસ્તાન ઘૂસણખોરી કરવાની ફિરાકમાં છે. આ સાથે પાકિસ્તાની ડ્રોનના માધ્યમથી જમ્મુમાં રહેલા આતંકવાદીઓ અને તેમને મદદગારોને હથિયારો પહોંચાડવાનું પ્લાનિંગ કરી રહ્યું હોવાનું સામે આવ્યું છે. તમને જણાવી દઈએ કે, નવા વર્ષના પહેલા દિવસે આજ પ્રકારની હરકત કરવામાં આવી હતી. તે સમયે પણ જમ્મુ વિસ્તારમાં પાકિસ્તાને ડ્રોન થકી હથિયાર મોકલ્યા હતા. જેમાં સુરક્ષા દળને સર્ચ ઓપરેશન દરમિયાન દારૂગોળો અને અનેક હથિયાર મળી આવ્યા હતા.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા કરી દેવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા કરી દેવામાં આવી છે. જોય મહાપાત્રો નામના એક હિન્દુ યુવકને પહેલાં ઢોર માર મારવામાં આવ્યો અને પછી તેને ઝેર આપવામાં આવ્યું. બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનોની વચ્ચે હિન્દુઓ પરના હુમલા અટકવાનું નામ જ નથી લઈ રહ્યા. છેલ્લા ૧૮ દિવસમાં બાંગ્લાદેશમાં ૭ હિન્દુ પુરુષોની હત્યા થઈ ચૂકી છે. ૮ જાન્યુઆરીએ સુનામગંજ જિલ્લાના દિરાઈ ઉપજિલાના ભંગડોહર ગામમાં જોય મહાપાત્રો નામના વધુ એક હિન્દુ યુવાનની હત્યા કરી દેવામાં આવી. પરિવારના જણાવ્યા અનુસાર, જોયને પહેલાં માર મારવામાં આવ્યો અને પછી અમીરુલ ઈસ્લામ નામના વ્યક્તિએ તેને ઝેર આપ્યું. ત્યારબાદ સિલહેટ એમએજી ઉસ્માની મેડિકલ કોલેજ હોસ્પિટલના આઈસીયુમાં તેનું મોત થયું. પોતાના દીકરાની આવી હાલત જોઈ પરિવારમાં માતમ છવાયો છે. જોયની ફેમિલીએ અમીરુલ ઈસ્લામ નામના શખ્સ પર આરોપ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે અમીરુલે પહેલા જોય સાથે ગંભીર રીતે મારપીટ કરી અને પછી તેને ઝેર આપી દીધું.

### સુપ્રીમ કોર્ટે રદ કર્યો હાઈકોર્ટનો ચુકાદો

# સરકારી કોલેજમાં અભ્યાસ કરવાથી સરકારી નોકરીનો અધિકાર ન મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો.

અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ અભ્યાસક્રમમાં વર્ષોથી એવી પ્રથા હતી કે સરકારી સંસ્થામાં તાલીમ લેનારા તમામ (મર્યાદિત ૨૦ બેઠકો) ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નોકરી મળી જતી હતી. જોકે, ૨૦૧૧ પછી સરકારે આ નીતિ બદલી અને ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ શરૂ



કરવાની મંજૂરી આપી. જેના કારણે લાયક ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો. ભાવના મિશ્રા અને અન્ય વિદ્યાર્થીઓએ જૂની પ્રથા મુજબ નોકરીની માંગ કરતા હાઈકોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેની સામે યુપી સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. સુપ્રીમ કોર્ટે નોકરીની માંગને નકારી કાઢતા જણાવ્યું હતું કે, સરકારી સંસ્થામાં નોંધણી કરાવવાથી સરકારી નોકરીમાં નિમણૂક થવાની અપેક્ષા રાખી શકાય નહીં, ખાસ કરીને જ્યારે ભરતીની નીતિમાં ફેરફાર થયો હોય. અગાઉ માત્ર ૨૦ બેઠકો હતી ત્યારે સીધી ભરતી થતી હતી, પરંતુ હવે જ્યારે હજારો ઉમેદવારો લાયક છે, ત્યારે સરકાર જૂની પ્રથા ચાલુ રાખવા બંધાયેલી નથી.

કોર્ટે સ્વીકાર્યું કે ખાનગી સંસ્થાઓના પ્રવેશ બાદ સ્પર્ધા વધી છે, તેથી સરકારે પોતાની કોલેજોના વિદ્યાર્થીઓને આપમેળે નિયુક્ત કરવાની પ્રથા બંધ કરવી એ વાજબી નિર્ણય છે. આ ચુકાદાથી હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સરકારી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પણ સામાન્ય ભરતી પ્રક્રિયા કે સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પસાર થયા વિના નોકરીનો દાવો કરી શકશે નહીં. સરકારી નોકરી માટે લાયકાત અને નિર્ધારિત પસંદગી પ્રક્રિયા જ સર્વોપરી રહેશે.

### પ્રેમથી માની જાઓ તો સારું, નહીંતર...

# ટ્રમ્પે કહ્યું કે, અમે ગ્રીનલૅન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું

## ટ્રમ્પના મતે, જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર નિયંત્રણ નહીં મેળવે, તો રશિયા અથવા ચીન તેના પર કબજો કરી લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ગ્રીનલૅન્ડના મુદ્દે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદને વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે. ટ્રમ્પે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ હવે આ મામલે સહેજ પણ પીછેહઠ કરવા તૈયાર નથી. તેમની આ ચેતવણી સ્પષ્ટ સંકેત આપે છે કે ગ્રીનલૅન્ડ પર નિયંત્રણ મેળવવા માટે અમેરિકા કોઈપણ માર્ગ અપનાવી શકે છે-પછી ભલે તે સમજાવટનો હોય કે બળજબરીનો.



યુરોપીય દેશોને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, અમે ગ્રીનલૅન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે. ટ્રમ્પના મતે, જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર નિયંત્રણ નહીં મેળવે, તો રશિયા અથવા ચીન તેના પર કબજો કરી લેશે. અમેરિકા કોઈપણ સંજોગોમાં આ ગ્રીનલૅન્ડને રશિયા કે ચીનના હાથમાં જવા દેવા માંગતું નથી. વ્હાઈટ હાઉસમાં બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, હું ગ્રીનલૅન્ડ અંગે સમજૂતી દ્વારા સરળ રસ્તો અપનાવવા માંગુ છું. પરંતુ જો તેમ નહીં થાય, તો અમે મુશ્કેલ રસ્તો અપનાવતા પણ અચકાઈશું નહીં. જ્યારે કોઈ વસ્તુ અમારી સુરક્ષા માટે જરુરી હોય, ત્યારે અમે તેની રક્ષા કરીએ છીએ. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ડેનમાર્ક કે ગ્રીનલૅન્ડના લોકોની સહમતિ હોય કે ન હોય, અમેરિકા ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા મક્કમ છે. અમેરિકા માટે ગ્રીનલૅન્ડનું મહત્ત્વ માત્ર એક ભૌગોલિક ટાપુ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિએ અત્યંત નિર્ણાયક છે. આર્કટિક ક્ષેત્રમાં સ્થિત ગ્રીનલૅન્ડ ખનીજ સંપત્તિનો અખૂટ ભંડાર ધરાવે છે, જેમાં સોનું, હીરા અને ખાસ કરીને આધુનિક ટૅક્નોલૉજી માટે અનિવાર્ય એવા રેર અર્થ મેટલ્સનો સમાવેશ થાય છે. આ સંસાધનો પર નિયંત્રણ મેળવવું એ અમેરિકાના આર્થિક ભવિષ્ય માટે મહત્ત્વનું છે. તેમજ આર્કટિકમાં રશિયા અને ચીનની સતત વધી રહેલી સૈન્ય ગતિવિધિઓ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે પડકારરુપ બની રહી છે. ઉત્તર અમેરિકાની રક્ષા માટે ગ્રીનલૅન્ડ એક અભેદ્ય કિલ્લા સમાન વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જેના પર નિયંત્રણ હોવું અમેરિકા માટે અનિવાર્ય છે જેથી તે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખી શકે અને પ્રતિસ્પર્ધી દેશોના પ્રભાવને રોકી શકે.




### એક મંચ પર દેખાયો પવાર પરિવાર

# અજિત-સુપ્રિયાએ NCPનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

## અજિત પવાર અને NCP (SP)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં મંચ શેર કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વર્ષ ૨૦૨૩માં NCPમાં થયેલા ભાગલા બાદ પ્રથમ વખત, મહારાષ્ટ્રના નગરપાલિકાની ચૂંટણીમાં અજિત પવાર અને સુપ્રિયા સુલે એક સાથે રાજકીય મંચ પર જોવા મળ્યા હતા. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નેતૃત્વવાળી NCP અને તેમના કાકા શરદ પવારના નેતૃત્વવાળી NCP (SP) એ શનિવારે પુણે નગર નિગમ માટે સંયુક્ત ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો, જેણે રાજ્યના રાજકારણમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે. અજિત પવાર અને NCP (SP)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં મંચ શેર કર્યો હતો. આ દરમિયાન, NCP (SP)ના એવા નેતાઓ પણ હાજર રહ્યા હતા, જેઓ અત્યાર સુધી પ્રચારથી મોટાભાગે દૂર રહ્યા હતા. અજિત પવારે કહ્યું કે આ ઢંઢેરો પુણેના મુખ્ય નાગરિક મુદ્દાઓ પર કેન્દ્રિત છે. આ ચૂંટણી દસ્તાવેજમાં નળ દ્વારા પાણી પુરવઠો, ટ્રાફિક જામમાંથી રાહત, ખાડા-મુક્ત રસ્તાઓ, સ્વચ્છતા, હાઈ-ટેક સ્વાસ્થ્ય સેવાઓ, પ્રદૂષણ નિયંત્રણ અને ઝૂંપડપટ્ટી પુનર્વસન જેવા મુદ્દાઓ પર ખાતરી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, સત્તારૂઢ મહાયુતિનો હિસ્સો હોવા છતાં, અજિત પવાર સ્થાનિક ભાજપ નેતૃત્વ પર સતત નિશાન સાધી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે રાજ્ય અને કેન્દ્રમાં સરકાર હોવા છતાં અને પૂરતું ભંડોળ મળવા છતાં, ભાજપે પુણે અને પિંપરી ચિંચવડના વિકાસને પાટા પરથી ઉતારી દીધો છે. ભાજપ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી બંને નગર નિગમોમાં સત્તામાં હતી.

ઢંઢેરાના મુખ્ય વચનોમાં શહેરભરમાં ૩૩ ગુમ થયેલા રોડ લિંક્સને ઠીક કરવા, ભીડ ઓછી કરવા અને મુખ્ય રસ્તાઓને પહોળા કરીને ટ્રાફિકને સુધારવાનો વાયદો કરવામાં આવ્યો છે. બસો અને મેટ્રોમાં મફત મુસાફરીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ગઠબંધને બે કિલોમીટરના દાયરામાં હોસ્પિટલ બનાવવાનું વચન આપ્યું છે જેથી પાયાની તબીબી સંભાળ સરળતાથી મળી શકે. જે હાઉસિંગ સોસાયટીઓ પર્યાવરણ-મિત્રતાના ઉપાયો અપનાવશે, તેમને પ્રોપર્ટી ટેક્સમાં ૨૦%ની છૂટ અને 'ગ્રીન સોસાયટી'નું પ્રમાણપત્ર આપવામાં આવશે. આમ, રાજ્ય અને કેન્દ્રમાં અલગ-અલગ ગઠબંધનમાં હોવા છતાં, પવાર પરિવારે પુણે અને પિંપરી ચિંચવડની સ્થાનિક ચૂંટણીઓ માટે હાથ મિલાવ્યા છે, જે મહારાષ્ટ્રના રાજકારણમાં એક રસપ્રદ વળાંક માનવામાં આવે છે.

# તંત્રી લેખ......

## મનરેગામાં ભ્રષ્ટાચાર, ગરીબોને રોજગાર આપવાના નામે લૂંટ

ગ્રામીણ વિકાસ મંત્રાલયના આંતરિક ઓડિટને કારણે મનરેગામાં ભ્રષ્ટાચારના જે કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે તે ચોંકાવનારા છે. ચાલુ નાણાકીય વર્ષમાં, દેશભરના ફક્ત ૫૫ જિલ્લાઓમાં હાથ ધરાયેલા ઓડિટમાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની ઉચાપત સાથે સંકળાયેલા ૧.૧ મિલિયનથી વધુ નાણાકીય ગેરરીતિઓના કેસ બહાર આવ્યા છે. કોઈ ફક્ત કલ્પના કરી શકે છે કે જો આઠ મહિનામાં ફક્ત ૫૫ જિલ્લાઓમાં મનરેગા હેઠળ કરવામાં આવેલા કામમાં આટલી બધી ગેરરીતિઓ મળી આવે, તો દેશભરના ૭૦૦ થી વધુ જિલ્લાઓમાં પરિસ્થિતિ શું હશે?

એ સ્પષ્ટ છે કે રોજગાર આપવાના નામે ગરીબોને લૂંટવામાં આવી રહ્યા હતા, અને તેને રોકવા માટે કોઈ નહોતું. જે રીતે જાહેર થયું કે કોન્ટ્રાક્ટરોથી લઈને અધિકારીઓ અને બેંક મેનેજરો સુધી દરેક વ્યક્તિ જાહેર કલ્યાણના નામે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હતા તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકારી ભંડોળના દુરુપયોગ માટે એક સિસ્ટમનો વિકાસ થયો હતો.

જોકે મનરેગા હેઠળ કેટલું નક્કર માળખાકીય કાર્ય થઈ રહ્યું છે તે અંગે સમયાંતરે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ તેનો ક્યારેય ઉકેલ આવ્યો ન હતો. તેવી જ રીતે, રોજગારના નામે કેટલા સમય સુધી ખાડા ખોદવામાં આવશે અને ભરવામાં આવશે તે પ્રશ્નનો જવાબ મળ્યો નથી. આવા પ્રશ્નોના જવાબ શોધનારાઓ ઘણીવાર ગરીબોના ઉત્થાન માટેની યોજના પ્રત્યે અસંમતિ વ્યક્ત કરતા હતા.

મનરેગામાં કોઈપણ ફેરફાર માટેના સૂચનો ઘણીવાર અવગણવામાં આવતા હતા કારણ કે મહાત્મા ગાંધીનું નામ આ યોજના સાથે જોડાયેલું હતું. તાજેતરમાં, જ્યારે મોદી સરકારે યોજનાનું નામ અને ફોર્મેટ બદલ્યું, ત્યારે એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે સરકારને ગાંધીજીના નામ પ્રત્યે અણગમો હતો. સ્વાભાવિક રીતે, કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ સૌથી વધુ વિરોધ કર્યો હતો, પરંતુ તેમની પાસે ભ્રષ્ટાચાર વિશેના પ્રશ્નોના કોઈ જવાબ નહોતા.

શું એવું શક્ય છે કે રાજ્ય સરકારો મનરેગામાં પ્રવર્તતા ભ્રષ્ટાચારને અવગણી રહી હોય કારણ કે આ યોજના હેઠળ કેન્દ્ર સરકારનું યોગદાન ૯૦ ટકા હતું? સત્ય ગમે તે હોય, એ વાતને અવગણવી ન જોઈએ કે રાજ્ય સરકારો સામાન્ય રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી યોજનાઓના અમલીકરણમાં ગંભીરતાનો અભાવ ધરાવે છે. આવી યોજનાઓ ભ્રષ્ટાચાર માટે પણ વધુ સંવેદનશીલ હોય છે.

વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કાગળ પર કામ બતાવવું અને પછી ભંડોળનો ઉચાપત કરવો એ આપણા દેશમાં એક ક્રોનિક સમસ્યા છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે આ રોગનો ઉકેલ આવ્યો નથી. જ્યારે કેન્દ્ર સરકારે મનરેગાના નવા સંસ્કરણ, વીબી-જીરામજી હેઠળ ચૂકવણીમાં પારદર્શિતા સાથે મજબૂત પાયાના કાર્ય પર ભાર મૂક્યો છે, ત્યારે રાજ્યોએ પણ ખાતરી કરવી જોઈએ કે આ ખરેખર થાય છે.

## ગાંધીનગરમાં ટાઈફોઈડ મહામારી વચ્ચે કાજલ ધોબીના મૃત્યુનો સનસનીખેજ ખુલાસો : આમ આદમી પાર્ટીએ લગાવ્યા ગંભીર આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ચાલી રહેલી ટાઈફોઈડની મહામારી વચ્ચે આદિવાડા વિસ્તારની ૭ વરસની બાળકી કાજલ ધોબી ના મૃત્યુને લઈને આમ આદમી પાર્ટીએ સરકાર અને વહિવટી તંત્ર પર ગંભીર આરોપો લગાવ્યા છે. પાર્ટીના જણાવ્યા મુજબ કાજલનુ મૃત્યુ ટાઈફોઈડના કારણે જ થયુ છે જેને તંત્ર દ્વારા છુપાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે સરકારી અધિકારીઓ ટાઈફોઈડથી કોઈ મૃત્યુ થયુ નથી તેવો દાવો કરી રહ્યા છે. જેનાથી આ મામલો વધુ વિવાદાસ્પદ બની ગયો છે.



ગાંધીનગરના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર તુષાર પરીખને લાંબી શોધખોળ બાદ કાજલના મેડીકલ રીપોર્ટસ મળી આવ્યા છે. આ રીપોર્ટસ મુજબ ૨ જાન્યુઆરીના રોજ ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશનના દવાખાનામાં કાજલનો વિડાલ ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો ત્યારબાદ તેની તબિયતને ધ્યાનમાં રાખીને તેને તાત્કાલીક સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી જયાં ૪ જાન્યુઆરીએ ફરી એકવખત વિડાલ ટેસ્ટ કરવામાં આવ્યો અને તે પણ પોઝીટીવ આવ્યો હતો. જો કે ૫ જાન્યુઆરીએ કાજલનુ મૃત્યુ થઈ ગયુ, આમ આદમી પાર્ટીના જણાવ્યા મુજબ આ રીપોર્ટસ સ્પષ્ટ કરે છે કે મૃત્યુનુ કારણ ટાઈફોઈડ જ છે અન્ય કોઈ બિમારી નહી, પાર્ટીએ આને તંત્રની ઘોર બેદરકારી ગણાવી છે. જેના કારણે એક પરીવાર તેની દિકરી વિહોણો થઈ ગયો છે, આમ આદમી પાર્ટી નેતાએ ગાંધીનગર સીવીલ હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ પર આરોપ લગાવ્યો છે કે તેઓ મૃત્યુનુ કારણ છુપાવી રહ્યા છે. પાર્ટીએ કહ્યુ કે એક તંત્ર મૃત્યુ માટે જવાબદાર છે, બીજુ આંકડાઓ સાથે હેરફેર કરવામાં વ્યસ્ત છે અને ત્રીજુ મૃત્યુના કારણો છુપાવી રહ્યુ છે. તેઓએ પુછ્યુ કે આ એક કિસ્સો હાલ ઉજાગર થયો છે. તો આવા કેટલા કિસ્સાઓ ને છુપાવવામાં આવ્યા હશે ?

ગાંધીનગરમાં જાન્યુઆરીની શરૂઆત થી ટાઈફોઈડના કેસમાં વધારો જોવા મળ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ૫ જાન્યુઆરી સુધીમાં ૧૧૩ થી વધુ સંદિગ્ધ કેસ નોંધાયા હતા જેમાંથી મોટા ભાગના બાળકો છે, આદિવાડા સેકટર ૨૪ અને ૨૮ જેવા વિસ્તારોમાં પીવાના પાણીમાં ગટરનુ પાણી નુ મિશ્રણ થવાને કારણે આ મહામારી ફેલાઈ છે. ૧૦૦ થી વધુ લોકો હોસ્પીટલમાં દાખલ થયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ આ સ્થિતિની સમિક્ષા કરી હતી. જો કે ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશન એ ટાઈફોઈડથી કોઈ મૃત્યુ થયુ નથી તેવો દાવો કર્યો છે. તેઓએ કહ્યુ કે બે મૃત્યુ થયા છે પરંતુ તે અન્ય કારણોથી, ટાઈફોઈડથી નહી, આમ આદમી પાર્ટી નેતાઓ હોસ્પીટલની મુલાકાત લઈને પીડીતોને મળ્યા હતા અને આ મહામારી માટે દુષિત પાણીને જવાબદાર ગણાવ્યો હતો. આમ આદમી પાર્ટીએ સરકારને મૃતકના પરીવારને રાહત આપવા માટે તાત્કાલીક પગલા લેવાની માંગ કરી છે. તેઓએ જવાબદાર અધિકારીઓ સામે માનવ વધ નો ગુન્હો નોંધવા , કડક કાર્યવાહી કરવા અને રાજીનામા માંગવાની વાત કરી છે. પાર્ટીએ ચેતવણી આપી છે કે જો આ માંગણીઓ પુરી નહી થાય તો તેઓ ઉપવાસ આંદોલન કરશે.

## વડાપ્રધાનના સોમનાથના આગમનને લઈ ૧ લાખની મેદની માટે ૩ વિશાળ ડોમ અને ૨૨ એલસીડી સ્ક્રીન તૈયાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગીર સોમનાથના પવિત્ર યાત્રાધામમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનને પ્રવાસને ઐતિહાસિક સ્વાભિમાન પર્વ તરીકે ઉજવવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. નિર્ધારીત કાર્યક્રમ મુજબ વડાપ્રધાન મોદી સૌ પ્રથમ ભવ્ય રોડ શો યોજશે અને ત્યારબાદ એક વિશાળ જાહેરસભાને સંબોધન કરશે. આ કાર્યક્રમ માટે અખંડ ભારત, અખંડ સોમનાથનુ પ્રેરણાદાયી સુત્ર આપવામાં આવ્યુ છે. જે સોમનાથના ગૌરવશાળી ઈતિહાસ અને રાષ્ટ્રીય એકતાનુ પ્રતિક છે.



વડાપ્રધાનની સભામાં ૧ લાખ થી વધુની જનમેદની ઉમટી પડવાની શકયતા છે. જેને ધ્યાનમાં રાખીને સભા સ્થળે ૩ વિશાળ ડોમ બનાવવામાં આવ્યા છે. સભામાં છેલ્લી હરોળમાં બેઠેલા લોકો પણ વડાપ્રધાનને નિહાળી શકે તે માટે ૨૨ થી વધુ મોટી એલસીડી સ્ક્રીન લગાવવામાં આવી છે. સુરક્ષાની દ્રષ્ટીએ સોમનાથમાં પોલીસ દ્વારા અભેધ કિલ્લેબંધી કરવામાં આવી છે અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. વહિવટી તંત્ર દ્વારા પીવાના પાણી, પાર્કિંગ અને ટ્રાફીક મેનેજમેન્ટની તમામ વ્યવસ્થાઓને આખરી ઓપ દેવામાં આવ્યો છે.

## ધારાસભ્યો મુખ્યમંત્રીને પત્ર લખે છે તો મુખ્યમંત્રી કોને લખશે ? ૫ ધારાસભ્ય ના પત્ર મામલે ગોપાલ ઈટાલીયાના આકરા પ્રહાર

### ધારાસભ્યો મુખ્યમંત્રીને ફરીયાદ કરે છે તો મંત્રીઓના કામો ન કરતા મંત્રીઓ કેમ ફરીયાદ કરતા નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વડોદરા શહેરના પાંચ ધારાસભ્યોએ અધિકારીઓની અવગણના અને કામકાજમાં બેદરકારી અંગે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હોવાની ઘટના પર આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ રાજય સરકાર પર ગંભીર અને તીખો પ્રહાર કર્યો છે. ઈટાલીયાએ આ ઘટનાને ગુજરાતની શાસન વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ દર્શાવતી ઘણાવી અને કહ્યુ કે આ ઘટના કોઈ નવી નથી. પરંતુ વરસોથી ચાલતી આવતી વ્યવસ્થાત્મક નિષ્ફળતાનુ પ્રતિબિંબ છે.

ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અગાઉ પણ અનેક ધારાસભ્યોએ અધિકારીઓ સાંભળતા નથી તેવી ફરીયાદો કરી છે. તો કેટલાક મંત્રીઓએ પણ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કામ કરતા નહી હોવાની ફરીયાદો કરી છે. તો કેટલાક મંત્રીઓએ પોલીસ વિભાગમાં પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) માં મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવતી નથી તેવી ફરીયાદો કરી છે, સુરત સહિત રાજયના વિવિધ જિલ્લાઓના ધારાસભ્યો આ મુદે ખુલ્લેઆમ રજુઆતો કરી ચુકયા છે. તેમણે કહ્યુ કે જયારે મામલતદાર સ્તરે વાત ન સાંભળવામાં આવે અને સચિવ સ્તર સુધી પણ ફરીયાદો પહોચી ન શકે, ત્યારે સ્પષ્ટ થાય છે કે સમગ્ર વહિવટી તંત્ર જન પ્રતિનિધિઓની પકકડ બહાર થઈ ચુકયુ છે.

ઈટાલીયાએ કટાક્ષ કરતા કહ્યુ હતુ કે જો ધારાસભ્યોને પોતાની વાત સાંભળાવવા માટે મુખ્યમંત્રીને પત્ર લખવો પડે તો મુખ્યમંત્રી પછી કોને લખશે ? તો બીજી તરફ મંત્રીઓ મંત્રીઓના કામો કરતા નથી તો મંત્રીઓ કોને ફરીયાદ કરશે ? તેમણે વધુમાં ઉમેર્યુ કે વાસ્તવિકતા એવી છે કે મુખ્યમંત્રી પોતે પણ આવી જ સ્થિતિમાં છે અને અધિકારીઓ પર તેમનો પણ પુરતો નિયંત્રણ રહ્યો નથી. આગળ બોલતા ગોપાલ ઈટાલીયાએ રાજય સરકારને સંપૂર્ણ રીતે ડામાડોળ ગણાવી છે. તેમણે કહ્યુ હતુ કે સરકારમાં કોઈ માલીક નથી, શાસન ભગવાન ભરોસે ચાલી રહ્યુ છે. નિર્ણય પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે અને અધિકારીઓ મનમાની રીતે કામ કરી રહ્યા છે. આ કારણે જનતાની સમસ્યાઓનો ઉકેલ થતો નથી અને અંતે ધારાસભ્યો ને જ ફરી ફરી ધ્યાન દોરવુ પડે છે. ઈટાલીયાએ ભાજપ સરકાર પર સીધો સવાલ ઉઠાવતા કહ્યુ કે જયારે ભાજપના ધારાસભ્યોને જ અધિકારીઓ ન સાંભળતા હોય તો સામાન્ય જનતાની હાલત શું હશે તેની કલ્પના કરી શકાય, તેમણે કહ્યુ કે જનતા માટે ચુંટાયેલા પ્રતિનિધિઓ જો લાચાર બની જાય તો લોકશાહીના મુળ સ્તંભોને ગંભીર ખતરો ઉભો થાય છે.

આ સમગ્ર ઘટનાને લઈ ગોપાલ ઈટાલીયાએ સરકારને આત્મમંથન કરવાની સલાહ આપી અને કહ્યુ કે જો સમયસર વ્યવસ્થામાં સુધારા નહી થાય તો આવનારા દિવસોમાં જનઆક્રોશ વધુ તીવ્ર બનશે, તેમણે અંતમાં કહ્યુ કે આમ આદમી પાર્ટી આવા મુદ્દાઓને સતત ઉજાગર કરતી રહેશે અને જનતાના હક્ક માટે અવાજ ઉઠાવતી રહેશે.

## ડેપ્યુટેશન પરથી સમશેરસીંઘ ની ગુજરાતમાં વાપસી: પીએમના કાર્યક્રમ બાદ પોલીસતંત્રમાં થશે ઉથલ પાથલ?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ડીજીપી વિકાસ સહાય ૩૧ મી ડીસેમ્બર વય નિવૃત્ત હતા, ભારે રસાકસી બાદ સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે ના વડા ડો. કે એલ એન રાવ ને ડીજીપી નો ચાર્જ સોંપાયો હતો. ડો. રાવના ડીજીપી ચાર્જ સંભાળ્યાના ૨૪ કલાકમાં જ સીનીયર અને બીએસએફ ના એડીશનલ ડીજીપી ડો. સમશેરસીંઘ ને ડેપ્યુટેશન પરથી ગુજરાત પરત મોકલવાની જાહેરાત થઈ હતી.



૧૯૯૧ બેચના ડો. સમશેરસીંઘ આગામી માર્ચ મહિનામાં નિવૃત્ત થવાના છે, જયારે ૧૯૯૨ બેચના ડો. રાવ આગામી વરસે નિવૃત્ત થશે, ડીજીપી ની રેસના ઉમેદવાર, ૧૯૯૩ બેચના અધિકારી જીએસ મલીક ની નિવૃત્તિ માટે હજુ સમય છે, જે રીતે ડેપ્યુટેશન પરથી સમશેરસીંઘ ની ઘરવાપસી થઈ તેવી જ રીતે દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર રહેલા સીનીયર અધિકારી મનોજ શશીધર (૧૯૯૪ બેચ) અને રાજીવ રંજન ભગત ની પણ આગમન સાથે સીનીયોરીટી મુજબ પોસ્ટીંગમાં ફેરફાર થશે. હાલ ગુજરાતના ૨૧ અધિકારી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે જેમાં મનોજ શશીધર, રાજીવ રંજન ભગત, વી ચંદ્રશેખર, વિપુલ અગ્રવાલ અને અર્ચના શિવહરે સીનીયર અધિકારીઓ છે. તેમના ડેપ્યુટેશન પૂર્ણ થયા બાદ હોમ કેડરમાં પરત ફરવાથી મહત્વના પોસ્ટીંગ માટે લોબીંગ શરૂ થઈ ગઈ છે.

ગુજરાતના ૨૧ અધિકારીઓ ડેપ્યુટેશન પર છે. જેમાં (૧) મનોજ શશીધર (સીબીઆઈ) (૨) આર આર ભગત (દિલ્હી) (૩) વી ચંદ્રશેખર (સીબીઆઈ) (૪) વિપુલ અગ્રવાલ (પ્રિન્સીપલ કમિશ્નર, દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી) (૫) અર્ચના શિવહરે ( આઈજી સીઆરપીએફ ) (૬) દિપાંગ ત્રિવેદી (જોઈન્ટ ડાયરેકટર આઈબી, દિલ્હી) (૭) સચિન બાદશાહ (આઈજી, સીઆઈએસએફ, એચકયુ દિલ્હી) (૮) મનીંદરસીંઘ પવાર (આઈજી બીએસએફ દિલ્હી) (૯) હિમાંશુ શુકલા (રો, દિલ્હી) (૧૦) દિવ્ય મિશ્રા (આઈબી દિલ્હી હેડ કવાર્ટર) (૧૧) દિપેન ભદ્રન (રો, દિલ્હી) (૧૨) સૌરભ તૌલંબીયા (સીકયુરીટી એડવાઈઝર, ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લી.દિલ્હી) (૧૩) સરાહ રીઝવી (જમ્મુકાશ્મીર ) (૧૪) શોભા ભુતડા (ડે.ડાયરેકટર, આઈબી દિલ્હી ) (૧૫) પ્રદિપ સેજુલે (ડે. ડાયરેકટર આઈબી દિલ્હી) (૧૬) અંતરીપ સુદ (દિલ્હી) (૧૭) સૌરભસીંગ (દિલ્હી) (૧૮) સંદિપ ચૌધરી (દિલ્હી) (૧૯) અચલ ત્યાગી (સીબીઆઈ દિલ્હી) (૨૦) પ્રવિણકુમાર (સીબીઆઈ દિલ્હી) (૨૧) અમિત વસાવા (સીબીઆઈ મુંબઈ. એક સીનીયર અધિકારીને વિવાદને કારણે મહત્વના પોસ્ટીંગ પરથી હાંશિયામાં ધકેલી દેવાયા છે. પ્રમોશન મળ્યા બાદ તેઓ સારા પોસ્ટીંગ માટે લોબીંગ કરી રહ્યા છે. તેમના ક્રિમ પોસ્ટીંગ માટે વલખા એટલા મજબુત છે કે હવે જેઓ પોસ્ટીંગ કરાવી શકે તે પણ પરેશાન થઈ ગયા છે. સીનીયર અધિકારીના દબાણને લીધે તેમને ડેપ્યુટેશન પર દિલ્હી મોકલી દેવાની ચેતવણી આપવામાં આવી છે.

## અમદાવાદમાં ૧ વરસમાં હીટ રન થી થતા મૃત્યુ માં ૪૯ ટકાનો વધારો થયો



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના રોડ રસ્તાઓ પર અકસ્માતોની સ્થિતિ દિવસે અને દિવસે ગંભીર બની રહી છે. ટ્રાફીક પોલીસ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડાઓ મુજબ ૨૦૨૫ દરમિયાન હીટ એન્ડ રનના કેસોમાં ભારે વધારો નોંધાયો છે. જે માર્ગ સલામતી માટે મોટો પડકાર બની રહ્યો છે. ડ્રાઈવરોની બેદરકારી, ઝડપી ડ્રાઈવીંગ અને અમલવારીની ખામીઓના કારણે અકસ્માતની સમસ્યાઓ વધી રહી છે.

આંકડાઓ મુજબ ૨૦૨૫ માં કુલ ૪૩૨ ઘાતક અકસ્માત નોંધાયા છે. જેમાં ૪૪૧ લોકોના મોત થયા છે, ૨૦૨૪ માં આ સંખ્યા ૪૦૧ હતી, ખાસ કરીને હીટ એન્ડ રનના કેસોમાં ૪૯ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૨૪ માં ૫૯ ઘાતક હીટ એન્ડ રનના કેસ હતા. જયારે ૨૦૨૫ માં આ આંકડો વધીને ૮૫ થયો છે. હીટ એન્ડ રનના કારણે ગંભીર ઈજાઓના કેસોમાં પણ ૨૭ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૨૫ માં ૭૫ લોકોને ગંભીર ઈજા પહોચી હતી. જયારે ૨૦૨૪ માં આ સંખ્યા ૫૯ હતી, શહેરમાં કુલ મળીને ૨૦૨૫ માં ૧૪૨૭ અકસ્માત નોંધાયા હતા. જેમાં ઘાતક, ગંભીર અને સામાન્ય ઈજાના કેસો સામેલ છે. ગંભીર ઈજાઓના કેસોમાં ૧૫ ટકાનો વધારો થયો છે અને ગંભીર રીતે ઈજાગ્રસ્તોની સંખ્યા ૭૯૦ થી વધીને ૯૪૪ થઈ છે. હીટ એન્ડ રનના સૌથી વધુ કેસ આઈ ડીવીઝન વિસ્તારમાં નોંધાયા છે, જેમાં અમરાઈવાડી, નિકોલ, ઓઢવ, રામોલ અને ખોખરા વિસ્તારમા સામેલ છે. આ ડીવીઝનમાં કુલ ૩૧ કેસ નોંધાયા, જેમાં ૧૬ લોકોના મોત થયા છે. ત્યારબાદ કે ડીવીઝન (દાણી લીમડા, કાગડાપીઠ અને નરોડા) માં ૨૫ કેસ નોંધાયા છે. એ ડીવીઝન, એમ ડીવીઝન અને ઈ ડીવીઝન પણ યાદીમાં સામેલ છે. ૨૦૨૫ માં ડીસેમ્બર મહિનો સૌથી ઘાતક સાબિત થયો હતો. આ મહિને ૧૪૭ અકસ્માત નોંધાયા હતા. જેમાં ૪૬ લોકોના મોત થયા હતા. સપ્ટેમ્બર મહિનામાં ૧૩૬ અકસ્માતોમાં ૩૩ મોત થયા હતા. જયારે એપ્રિલ મહિનો સૌથી ઓછા અકસ્માતો ધરાવતો રહ્યો.

એસજી હાઈવે પર થલતેજ થી વૈષ્ણોદેવી સુધીનો માર્ગ સૌથી જોખમી સાબિત થયો છે. આ રોડ પર ૨૦૨૫ માં ૯૫ અકસ્માત નોંધાયા અને ૪૨ લોકોના મોત થયા. અધિકારીઓ ના કહેવા પ્રમાણે ફલાયઓવર અને સતત ખુલ્લા માર્ગના કારણે વાહનોની ઝડપ વધી જાય છે. જે અકસ્માતોને આમંત્રણ આપે છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ યુવાન અને અપ્રશિક્ષિત ડ્રાઈવરો, વધતી વાહન સંખ્યા, ભીડનો ડર અને કાયદાકીય કાર્યવાહીથી બચવાની માનસિકતા હીટ એન્ડ રનના મુખ્ય કારણો છે. ટ્રાફીક પોલીસના કહેવા પ્રમાણે હીટ એન્ડ રનના માત્ર આશરે ૫ ટકા કેસોમા જ આરોપીઓ ઝડપાય છે. જે કડક અમલવારી અને જાગૃતિની તાત્કાલીક જરૂરીયાત દર્શાવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન અમદાવાદ શહેરમાં ટ્રાફીક નિયમોના ભંગ બદલ નાગરીકોએ કુલ રૂપીયા ૨૬૨ કરોડથી વધુ નો દંડ ચુકવ્યો હોવાનુ તાજા આંકડાઓમાંથી બહાર આવ્યુ છે. ટ્રાફીક વિભાગના અધિકારીઓના કહેવા પ્રમાણે અંદાજે ૪૦.૨ લાખ જેટલા ટ્રાફીક ગુન્હાઓ નોંધાયા જે ૨૦૨૪ ની સરખામણીએ લગભગ ૯૦ ટકાનો વધારો દર્શાવે છે. આ આંકડાઓ શહેરમાં વધતી વાહન સંખ્યા અને ટ્રાફીક શિસ્તમાં ઘટાડા તરફ ઈશારો કરે છે.

### જંબુસરના કાવી ગામની ઘટના

## ખેતરમાં ટ્રેક્ટર પલટી જતાં યુવાનનું કમકમાટીભર્યું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી ગામે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ખેતરમાં કામ અર્થે ટ્રેક્ટર લઈને જઈ રહેલા એક આશાસ્પદ યુવાનનું ટ્રેક્ટર પલટી મારી જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે કાવી ગામ સહિત પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. કાવી ગામનો રહેવાસી ચોક્સી ઈરફાન યુસુફ નામનો યુવાન પોતાનું ટ્રેક્ટર લઈને ખેતરમાં જઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક કોઈ કારણોસર ટ્રેક્ટર પરથી કાબૂ ગુમાવતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈરફાન યુસુફ ટ્રેક્ટર નીચે દબાઈ ગયો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.

મૃતક યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જંબુસરની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. કાવી પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટના પાછળના ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. ખેતીકામ દરમિયાન બનેલી આ આકસ્મિક ઘટનાએ એક પરિવારનો લાડકવાયો પુત્ર છીનવી લેતા સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

### રિંગ રોડ પર મોતની સવારી

## નરોડા-ચિલોડા રોડ પર સાયરન વગાડી રોંગ સાઈડમાં દોડી ગાડીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વ્યસ્ત રિંગ રોડ પર ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના કારણે ટ્રાફિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

અમદાવાદના નરોડાથી નાના ચિલોડા તરફ જવાના રિંગ રોડ પર આ ઘટના બની છે. વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે અનેક વાહનચાલકો પોતાનો સમય બચાવવા માટે અને મુખ્ય માર્ગ પર ટ્રાફિકથી બચવા માટે બેખૌફ બનીને રોંગ સાઈડમાં ગાડીઓ દોડાવી રહ્યા છે. આ પ્રકારનું ડ્રાઈવિંગ માત્ર નિયમોનું ઉલ્લંઘન નથી, પરંતુ સામેથી આવતા નિર્દોષ વાહનચાલકો માટે જીવલેણ અકસ્માતનું કારણ પણ બની શકે છે.

આ મામલે ચોંકાવનારી વાત એ છે કે, કેટલાક વાહનચાલકોએ તો હદ વટાવી દીધી હતી.ગાડીઓમાં સાયરન વગાડીને રોંગ સાઈડમાં હંકારવામાં આવી રહી હતી, જાણે કોઈ ઈમરજન્સી હોય તેવો ડોળ કરીને નિયમોના લીરેલીરા ઉડાડવામાં આવ્યા હતા. મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામ હોવાના બહાને લોકો આ રીતે જીવના જોખમે વાહનો ચલાવી રહ્યા છે.


### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૦/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૧૭૪ | ૧,૦૩૫.૦૦ | ૧,૮૨૩.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૮૫.૦૦ | ૧,૨૯૫.૦૦ |
| ૩ | ઘઉં | ૧૯૦ | ૪૬૭.૦૦ | ૫૫૨.૦૦ |
| ૪ | બાજરી | ૩ | ૪૪૦.૦૦ | ૪૪૬.૦૦ |
| ૫ | અડદ | ૪ | ૧,૧૫૦.૦૦ | ૧,૨૬૧.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૬૨ | ૧,૫૬૧.૦૦ | ૧,૫૯૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર



### પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ

ઈ-ટેન્ડરિંગ સૂચના

નં. W/623/5/1/NIT તારીખ 09.01.2026

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ખુલ્લા ટેન્ડર* આમંત્રિત કરે છે જેની વિગતો નીચે મુજબ છે:-

| ક્રં. નં. | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજે કિંમત રૂ. | બાનાની રકમ રૂ. |
|---|---|---|---|
| 1 | RTM-2025-26-178<br>રતલામ વિભાગ -(સંયુક્ત - સિવિલ + ઇલેક્ટ્રિકલ): - નીચે મુજબ વિવિધ કાર્યોનું અમલીકરણ (1) ઉજ્જૈન - પ્લેટફોર્મના કેન્દ્રમાં સ્થિત PF01 અને PF08 ની વચ્ચે લિફ્ટ સાથે રેમ્પ સાથે કવર સાથે 12 મીટર પહોળા FOB ની જોગવાઈ (સિંહસ્થ 2028). (2) પવાસા સ્ટેશન - 03 રેમ્પ લેન્ડિંગ સાથે 06 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજ પૂરો પાડવો (સિંહસ્થ 2028) | 30,10,39,156.80 | 16,55,200.00 |
| 2 | RTM-2025-26-171<br>લક્ષ્મીબાઈ નગર - 18 નં. ના બદલે પ્રકાર II ક્વાર્ટર (સંયુક્ત - સિવિલ+ઇલેક્ટ્રિકલ) અબોન્ડેડ ક્વાર્ટર નં. 16,22 | 3,81,52,711.44 | 3,40,800.00 |

બધા ટેન્ડર માટે અંદાજિત જથ્થો: ટેન્ડર શેડ્યૂલ મુજબ. પૂર્ણતા સમયગાળો: ક્રમ નં. 1 અને 2 - 12 મહિના; સમાન પ્રકારનું કામ: ક્રમ નં. 1 - ટેન્ડર શેડ્યૂલ ક્રમ નં. 2 માં બંધાયેલા ખાસ ટેકનિકલ માપદંડો મુજબ - કોઈપણ મકાન કાર્યનું બાંધકામ ક્રમ નં. 1 અને 2માટે વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 09.01.2026 ક્રમ નં. 1 અને ૨ માટે ટેન્ડર ખોલવાની તારીખ: 02.02.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

Apex/5/1/398 DRM (W/A) રતલામ વિભાગ, પશ્ચિમ રેલવે

અમને લાઇક કરો: facebook.com/WesternRly



ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions
SMRITI VAN EARTHQUAKE MUSEUM
કચ્છ અને સૌરાષ્ટ્ર
11 અને 12 જાન્યુઆરી, 2026
ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ
કેન્દ્રિત ક્ષેત્રો
સિરામિક્સ
MSMEs
એન્જિનિયરિંગ
સ્ટાર્ટઅપ્સ
મિનરલ્સ
પેટ્રોકેમિકલ્સ
મત્સ્યોદ્યોગ
ટેક્સ્ટાઇલ
પૉર્ટ્સ અને લોજિસ્ટિક્સ
કૌશલ્ય વિકાસ
પ્રવાસન અને સંસ્કૃતિ
કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ
મશીનરી અને ઈક્વિપમેન્ટ
બ્લૂ ઈકોનૉમી
કૉન્ફરન્સની વિશેષતાઓ
ઉદઘાટન સમારોહ
સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
રાષ્ટ્રવ્યાપી સેમિનાર
પેનલ ચર્ચાઓ
સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
B2B / B2G મીટિંગ્સ
વિશેષ પ્રવાસ
ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
પ્રાદેશિક MSME કૉન્કલેવ
પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
ટ્રેડ શો/પ્રદર્શન
રિવર્સ બાયર-સેલર મીટિંગ
ઉદ્યમી મેળો
વિક્રેતા વિકાસ કાર્યક્રમ
સાંસ્કૃતિક કાર્યક્રમ
સમાપન સત્ર
વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન
11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી
ભવ્ય ઉદઘાટન
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીના
વરદ્હસ્તે
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત
"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
ભાગીદાર દેશ
Japan
Rwanda
South Korea
Ukraine
લાઈવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat
વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો
ભાગીદાર સંસ્થાઓ
icbc INDO CANADIAN BUSINESS CHAMBER
JETRO
US-INDIA
U.S.-India Business Council
THE WORLD BANK
ACMA
IACC INDO-AMERICAN CHAMBER OF COMMERCE
UIBC
kotra Korea Trade-Investment Promotion Agency
FEBI
AMCHAM INDIA



ગુજરાત સરકાર
सोमनाथ स्वाभिमान पर्व
अटूट आस्था के 1000 वर्ष
❝ વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે, મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે. ❞
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ